# પ્રસારભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12-11-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

## આકાશવાણી સમાચાર હિના મોદી વાંચે છે.

****************************************************

1. ભૂતાનથી પરત આવ્યા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દિલ્હી વિસ્ફોટમાં ઈજાગ્રસ્ત થયેલા લોકો સાથે મુલાકાત કરી.
2. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ગૈબોરોનમાં બોત્સવાનાના રાષ્ટ્રપ્રમુખ ડૂમા બોકો સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો.
3. રાષ્ટ્રપતિ મુર્મૂએ બોત્સવાનામાં એન્ટી-રૅટ્રોવાયરલ- ARV દવાઓ મોકલવાના ભારતના નિર્ણયની પણ જાહેરાત કરી
4. વિદેશ મંત્રી ડૉ. જયશંકરે કહ્યું, ભારત કેનેડા સાથેની દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવા આતુર
5. આરોગ્ય મંત્રાલયે વાયુ પ્રદૂષણ અંગે માર્ગદર્શિકા જાહેર કરી.
6. તાઈવાનમાં ફન્ગ-વૉન્ગ વાવાઝોડું આવતા પહેલા આઠ હજાર 300થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા

.............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM LNJP HOSPITAL

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે લોકનાયક જયપ્રકાશ નારાયણ હૉસ્પિટલ પહોંચ્યા હતા, જ્યાં તેમણે સોમવારે દિલ્હી વિસ્ફોટમાં ઇજાગ્રસ્ત થયેલા લોકો સાથે મુલાકાત કરી. પ્રધાનમંત્રી ભૂતાનના બે દિવસના પ્રવાસ બાદ વિમાનમથકથી સીધા જ હૉસ્પિટલ પહોંચ્યા હતા.

શ્રી મોદીએ ઈજાગ્રસ્તો સાથે વાતચીત કરી અને તેઓ ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના કરી. હૉસ્પિટલના તબીબો અને વરિષ્ઠ અધિકારીઓએ પ્રધાનમંત્રીને ઈજાગ્રસ્તો અંગે માહિતી આપી. શ્રી મોદીએ સોશિયલ મીડિયા સંદેશમાં વિસ્ફોટના આ ષડયંત્રમાં સામેલ લોકોને છોડવામાં નહીં આવે તેમ જણાવ્યું હતું.

-------------

# JK ALERT

જમ્મુ-કાશ્મીર પોલીસે જમ્મુ શહેરના સંવેદનશીલ વિસ્તારમાં સામાન્ય લોકો અને વેપારીઓને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ પ્રત્યે સાવચેત રહેવા તેમજ શહેરમાં સુરક્ષા વ્યવસ્થા હેઠળ સીસીટીવી કૅમેરા લગાવવા આગ્રહ કર્યો. સોમવારે દિલ્હીમાં થયેલા વિસ્ફોટ બાદ આ પગલું લેવાયું છે.

પોલીસે વિસ્તારમાં સતર્કતા સુનિશ્ચિત કરવા અને કોઈ પણ શંકાસ્પદ પ્રવૃત્તિ કે બિનવારસી વસ્તુઓ અંગે પોલીસને જાણ કરવા જણાવ્યું છે. આ માટે પોલીસે બસમથક પર દુકાનદારો, પરિવાહકો, વેપારીઓ અને શેરી વિક્રેતાઓ સાથે બેઠક યોજી હતી.

દરમિયાન જમ્મુ ક્ષેત્રમાં સુરક્ષા વધુ કડક કરવામાં આવી છે. જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ, રેલ લાઈનો અને અન્ય સંવેદનશીલ સંસ્થાઓ પર સાવચેતી વધારવામાં આવી છે. માતા વૈષ્ણોદેવી મંદિર અને રિયાસી જિલ્લાના કટરામાં આવેલી આધાર શિબિરમાં પણ સુરક્ષા વ્યવસ્થા સઘન કરવામાં આવી છે. દિલ્હી વિસ્ફોટ બાદ પોલીસે સમગ્ર ક્ષેત્રમાં હાઈ-અલર્ટ જાહેર કર્યું છે.

-------------

## EVE PRESIDENT BOTSWANA BILATERALS

**રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે ગૈબોરોનમાં બોત્સવાનાના રાષ્ટ્રપ્રમુખ ડૂમા બોકો સાથે દ્વિપક્ષીય સંવાદ કર્યો. તેમજ પરસ્પર હિતના અનેક પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી. બંને નેતાએ વેપાર અને રોકાણ, ખેતી, આરોગ્ય, સંરક્ષણ, ખાણકામ, કૌશલ્ય વિકાસ અને ડિજિટલ ટેક્નોલૉજીમાં સહકાર વધારવા અંગે સંમતિ વ્યક્ત કરી.**

**બંને પક્ષે આરોગ્ય સેવા અને ઔષધી ક્ષેત્રમાં સહકાર પર એક સમજૂતી કરાર પર પણ હસ્તાક્ષર કર્યા. રાષ્ટ્રપતિ મુર્મૂએ બોત્સવાનામાં H.I.V.ના સંક્રમણની સારવાર માટે ઉપયોગમાં લેવાતી એન્ટી-રૅટ્રોવાયરલ-A.R.V. દવાઓ મોકલવાના ભારતના નિર્ણયની પણ જાહેરાત કરી.**

**રાષ્ટ્રપ્રમુખ ડૂમી બોકોએ ભારતને ઔષધીઓ, ખાસ કરીને જેનેરિક દવાઓનું અગ્રણી નિર્માતા ગણાવતાં કહ્યું, આ કરાર બોત્સવાનાની ગુણવત્તાયુક્ત તથા રાહત દરની દવાઓ સુધી પહોંચને સરળ બનાવશે. દરમિયાન પ્રૉજેક્ટ ચિત્તા પર પણ મહત્વની જાહેરાત કરવામાં આવી. ચિત્તાઓને લુપ્ત થયાના દાયકાઓ પછી ભારતમાં ફરીથી રજૂ કરવા ભારત દ્વારા આ એક વિશેષ પહેલ છે. તે અંતર્ગત બોત્સવાનાથી આઠ ચિત્તા ભારત**

**મોકલાશે. ચિત્તાઓનું પ્રતિકાત્મક હસ્તાંતરણ આવતીકાલે બોત્સ્વાનામાં સુશ્રી મુર્મૂની ઉપસ્થિતિમાં થશે.**

**ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રપતિ મુર્મૂ અંગોલાના પ્રવાસ બાદ ગઈકાલે બોત્સવાનાનાં પાટનગર પહોંચ્યાં હતા. કોઈ પણ ભારતીય રાષ્ટ્રાધ્યક્ષની આ બંને આફ્રિકી દેશનો પહેલો રાજકીય પ્રવાસ છે.**

-------------

## SHIVRAJ PPVFRA

કેન્દ્રીય કૃષિમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું, કૃષિ દેશની સભ્યતાનો આધાર રહી છે અને પશ્ચિમી દેશના ઉદયથી પણ પહેલા ભારતે તેમાં મહારથ હાંસલ કરી છે. શ્રી ચૌહાણે આજે નવી દિલ્હીમાં એક સમારોહમાં કહ્યું, સરકારે બીજ સંરક્ષણ માટે 15 લાખ રૂપિયા ફાળવ્યા છે, જેથી ખેડૂતો વિવિધ પ્રકારના બીજને સાચવવા જરૂરી માળખાગત સુવિધાઓ બનાવી શકે. શ્રી ચૌહાણે કૃષિ ક્ષેત્રમાં તેમના મૂલ્યવાન યોગદાન બદલ તમામ ખેડૂતો અને બીજ સંરક્ષકોના પ્રયાસની પ્રશંસા કરી.

(બાઈટઃ શિવરાજસિંહ ચૌહાણ, કેન્દ્રીય કૃષિમંત્રી)

-------------

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ

ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---

## REV JAISHANKAR G7 MEETING

વિદેશમંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે આજે કેનેડામાં જી-7 દેશના વિદેશ મંત્રીઓની બેઠકથી અલગ કેનેડાનાં વિદેશમંત્રી અનિતા આનંદ સાથે મુલાકાત કરી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી જયશંકરે આ આયોજનની યજમાની બદલ સુશ્રી આનંદને શુભેચ્છાઓ પાઠવી અને નવી વ્યૂહરચના 2025ના અમલીકરણમાં થયેલા વિકાસની પ્રશંસા કરી. તેમણે કહ્યું, ભારત આ દ્વિપક્ષીય ભાગીદારીને વધુ મજબૂત બનાવવા આતુર છે.

શ્રી જયશંકરે મેક્સિકોનાં વિદેશ મંત્રી ડૉક્ટર જુઆન રામોન ડે લા કુએન્તે સાથે પણ મુલાકાત કરી. દરમિયાન વેપાર, વાણિજ્ય, આરોગ્ય, ઔષધીય બનાવટો, વિજ્ઞાન અને ટેક્નોલૉજી ક્ષેત્રમાં સહકારને આગળ વધારવા અંગે ચર્ચા કરી. ફ્રાન્સના વિદેશ મંત્રી જીન-નૉએલ બેરોટ સાથેની બેઠકમાં બંને નેતાએ પોતાની વ્યૂહાત્મક ભાગીદારીની સમીક્ષા બાદ બહુપક્ષીય પાસાઓ અંગે સહકારને વધુ ગાઢ બનાવવા અંગે ચર્ચા કરી.

તો બ્રિટનના વિદેશ સચિવ યવેટ કૂપર સાથેની મુલાકાતમાં શ્રી જયશંકરે દ્વિપક્ષીય સંબંધમાં સકારાત્મક ગતિ અને મુખ્ય ક્ષેત્રમાં સહકાર વધારવા અંગે ભારત-બ્રિટન વિઝન 2035ની પુષ્ટિ કરી. કાર્યક્રમ દરમિયાન

**વિદેશમંત્રીએ બ્રાઝિલના વિદેશમંત્રી મૌરો વિએરા, જર્મનીના વિદેશમંત્રી જોહાન વેડફૂલ અને દક્ષિણ આફ્રિકાના વિદેશ મંત્રી રોનાલ્ડ લામોલા સાથે મુલાકાત કરી.**

-------------

## LOK SEVA PRASARAN DIVAS

નવી દિલ્હીમાં આકાશવાણી ભવન ખાતે આજે લોકસેવા પ્રસારણ દિવસ ઉજવાયો. પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત કુમાર સહગલ પણ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા. આ પ્રસંગે અનેક કલાકારોએ બાપૂ સ્ટૂડિઓમાં મહાત્મા ગાંધીજીના પ્રિયભક્તિ ગીત રજૂ કર્યા.

વર્ષ 1947માં આ જ દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી દ્વારા આકાશવાણીના માધ્યમથી કરાયેલા ઐતિહાસિક સંબોધનને લઈ દર વર્ષે આજના દિવસને લોકસેવા પ્રસારણ દિવસ તરીકે મનાવાય છે. મહાત્મા ગાંધીજીએ ઐતિહાસિક સંબોધનમાં શું કહ્યું હતું તે સાંભળીએ.

**(બાઈટ- મહાત્મા ગાંધીજી, રાષ્ટ્રપિતા)**

હવે આ અંગે વિસ્તૃત અહેવાલ સાંભળીએ.

**(વૉઈસકાસ્ટ -પ્રિયંકા)**

ઉલ્લેખનીય છે કે, વર્ષ 2000માં તત્કાલિન માહિતી અને પ્રસારણ મંત્રી સુષ્મા સ્વરાજે આ દિવસને લોકસેવા પ્રસારણ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

-------------

# HEALTH MINISTRY ADVISORY

આરોગ્ય મંત્રાલયે આજે રાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અને માનવ આરોગ્ય કાર્યક્રમ હેઠળ વાયુ પ્રદૂષણ અંગે આરોગ્ય માર્ગદર્શિકા જાહેર કરી. તેમાં શહેરી ક્ષેત્રમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હૉસ્પિટલ્સ અને મેડિકલ મહાવિદ્યાલયોમાં છાતીનું દવાખાનું બનાવવા આહ્વાન કરાયું છે. આ દવાખાનું વાયુ પ્રદૂષણ દરમિયાન દરરોજ ઓછામાં ઓછા બે કલાક ખૂલ્લા રહેવાની સલાહ પણ અપાઈ છે.

માર્ગદર્શિકામાં લોકોને રસ્તાઓ અને ભારે ટ્રાફિકવાળા વિસ્તાર, ઉદ્યોગોની આસપાસના વિસ્તાર, બાંધકામ અને તોડી પાડવાના સ્થળો જેવા ઉચ્ચ વાયુ પ્રદૂષણવાળા સ્થળને ટાળવાની સલાહ અપાઈ છે. લોકોને સવાર અને મોડી સાંજે બહાર ચાલવા, દોડવા અને શારીર્ક કસરત ટાળવાનો પણ તેમાં ઉલ્લેખ કરાયો છે. સાથે જ લોકોને નિયમિતપણે પાણીથી આંખ ચોખ્ખી કરવા અને ગરમ પાણીના કોગળા કરવા કહેવાયું છે.

-------------

# HEALTH MINISTRY ADVISORY

આરોગ્ય મંત્રાલયે આજે રાષ્ટ્રીય આબોહવા પરિવર્તન અને માનવ આરોગ્ય કાર્યક્રમ હેઠળ વાયુ પ્રદૂષણ અંગે આરોગ્ય માર્ગદર્શિકા જાહેર કરી. તેમાં શહેરી ક્ષેત્રમાં સામુદાયિક આરોગ્ય કેન્દ્રો, જિલ્લા હૉસ્પિટલ્સ અને મેડિકલ મહાવિદ્યાલયોમાં છાતીનું દવાખાનું બનાવવા આહ્વાન કરાયું છે. આ

દવાખાનું વાયુ પ્રદૂષણ દરમિયાન દરરોજ ઓછામાં ઓછા બે કલાક ખૂલ્લા રહેવાની સલાહ પણ અપાઈ છે.

માર્ગદર્શિકામાં લોકોને રસ્તાઓ અને ભારે ટ્રાફિકવાળા વિસ્તાર, ઉદ્યોગોની આસપાસના વિસ્તાર, બાંધકામ અને તોડી પાડવાના સ્થળો જેવા ઉચ્ચ વાયુ પ્રદૂષણવાળા સ્થળને ટાળવાની સલાહ અપાઈ છે. લોકોને સવાર અને મોડી સાંજે બહાર ચાલવા, દોડવા અને શારીર્ક કસરત ટાળવાનો પણ તેમાં ઉલ્લેખ કરાયો છે. સાથે જ લોકોને નિયમિતપણે પાણીથી આંખ ચોખ્ખી કરવા અને ગરમ પાણીના કોગળા કરવા કહેવાયું છે.

------------

# PRE BUDGET MEET

**કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં અંદાજપત્ર પહેલા પરામર્શ બેઠક યોજાઈ. તેમાં આગામી કેન્દ્રીય અંદાજપત્ર 2026-27ની તૈયારી માટે સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ – MSME ક્ષેત્રના હિસ્સેદારો સાથે ચર્ચા થઈ. બેઠકમાં કેન્દ્રીય નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી, આર્થિક બાબતોના વિભાગના સચિવ તથા સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.**

**આ બેઠક વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવા અને તેને સંસદમાં રજૂ કરતા પહેલા અધિકારીઓ અને નાણામંત્રી દ્વારા વિવિધ હિસ્સેદારો સાથે આયોજિત એક પરામર્શ અને ચર્ચા પ્રક્રિયા છે.**

------------

# PM NAGALAND LEADER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ નાગાલેન્ડના ભાજપના નેતા ઈમકોન્ગ એલ. ઈમચેનના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું, શ્રી ઈમચેનને નાગાલેન્ડના વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે યાદ કરાશે. પ્રધાનમંત્રીએ કહ્યું, શ્રી ઈમચેન ઘણા વર્ષો સુધી જાહેર જીવનમાં સક્રિય હતા અને ખાસ કરીને આદિવાસી સમુદાયના વિકાસ પ્રત્યે સમર્પિત હતા.

શ્રી ઈમચેને નાગાલેન્ડમાં ભાજપને મજબૂત કરવામાં યોગદાન આપ્યું અને મંત્રી તથા ધારાસભ્ય તરીકે તેમનો કાર્યકાળ હંમેશા યાદ કરાશે તેમ પણ શ્રી મોદીએ ઉંમેર્યું.

-------------

# CSIR MoU

વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન પરિષદ – C.S.I.R. એ રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ નિગમ સાથે એક સમજૂતી કરાર કર્યા. તેનો ઉદ્દેશ C.S.I.R.ની સંશોધન અને વિકાસ કુશળતાને વધારવા એક માળખું સ્થાપિત કરવાનો છે.

વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલયે જણાવ્યું, આ ભાગીદારી મેક ઇન ઇન્ડિયા, સ્ટાર્ટઅપ ઇન્ડિયા અને આત્મનિર્ભર ભારત જેવી રાષ્ટ્રીય પહેલને પ્રોત્સાહન આપશે. આ કરાર ભારતમાં વિશ્વ સ્તરના ઔદ્યોગિક કેન્દ્રોનો વિકાસ કરવો અને રોજગારીનું સર્જન કરવા પર કેન્દ્રીત છે.

આ સહકાર જૈવ ટેક્નોલૉજી, નવિનીકરણીય ઊર્જા, ઔષધીય બનાવટ, તબીબી ઉપકરણો અને ઍરોસ્પેસ સહિત વિવિધ ક્ષેત્રમાં ઉત્પાદકતા, કાર્યકારી કાર્યક્ષમતા અને પર્યાવરણીય ટકાઉપણું વધારવા અદ્યતન ટેક્નિકને ઓળખવામાં મદદ કરશે.

-------------

## JITENDRA -MAURITIUS

કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જિતેન્દ્ર સિંહે ભારત અને મોરેશિયસ વચ્ચે મત્સ્યઉદ્યોગ, દરિયાઈ ટેકનોલોજી અને ખારા પાણીના ઉપચાર જેવા ઉભરતા ક્ષેત્રોમાં ગાઢ સહયોગ માટે હાકલ કરી છે. તેમણે તેને ટકાઉ વિકાસ અને પરસ્પર સમૃદ્ધિના નવા પરિમાણો ગણાવ્યા.

નવી દિલ્હીમાં એક કાર્યક્રમમાં બોલતા, ડૉ. સિંહે કહ્યું કે દરિયાઈ સંસાધન વ્યવસ્થાપન અને સમુદ્ર આધારિત ટેકનોલોજીમાં ભારતનો વિશાળ અનુભવ મોરેશિયસના વિકાસ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. કેન્દ્રીય મંત્રીએ મોરેશિયસના અધિકારીઓને સમુદ્રી અર્થતંત્ર અને દરિયાઈ સંશોધનમાં સહયોગી પ્રોજેક્ટ્સ શોધવા માટે પણ પ્રોત્સાહિત કર્યા.

-------------